॥ શ્રી ચિંતામણિ-શંખેશ્વર-આશાપૂરણ પાર્શ્વનાથાય નમઃ ॥

પુસ્તક ૪૧

# અહો ! શ્રુતજ્ઞાનમ્

સંકલન
શાહ બાબુલાલ સરેમલ

ભાદરવા સુદ-૫ સં-૨૦૭૩

જિનશાસનના અણગાર, શાસનના શણગાર વિદ્વાન સંયમી ગીતાર્થ ગુરુભગવંતોના પાવન ચરણે સેવક બાબુલાલની વંદના...

જિનાજ્ઞા સમારાધક શ્રેષ્ઠિવર્યશ્રી / પંડિતવર્યશ્રી આદિ યોગ્ય પ્રણામ !

વિક્રમસંવત ૨૦૭૨, પાલીતાણા ખાતે યોજાયેલ વિરાટ ઐતિહાસિક શ્રમણ સંમેલનને અનુલક્ષીને શ્રીસંઘમાં ધીરે ધીરે જાગૃતિ આવી રહી છે. આ વર્ષે ઘણે સ્થાને ચાતુર્માસમાં આ ઠરાવોનું વાંચન પણ સમજણપૂર્વક કરવામાં આવ્યું છે.

● સાધારણ ખાતાની સદ્ધરતા માટેના ઠરાવ નં-૪૮ અંતર્ગત અષ્ટમંગલ દર્શનની ઉછામણી અંગે પણ સકળ શ્રી સંઘમાં જબરજસ્ત એક મોજુ ફેલાયું છે... અનેક સંઘોમાં આ ઉછામણીઓ શરૂ થઇ છે, અને તેની આર્થિક સફળતાની સદ્ધરતા જોઇને અનેક શ્રી સંઘોએ, પોતાના સંઘોમાં શક્ય વહેલી તે શરૂ કરાવવા માટેના નિર્ણયો કર્યા છે.

● એ જ રીતે, શ્રુતજ્ઞાન ક્ષેત્રની સુચારુ વ્યવસ્થા માટેના ઠરાવ અંગે પણ મહાત્માઓ પ્રયત્નશીલ બન્યા છે. જે સકળ શ્રી સંઘનું સદ્‌ભાગ્ય અને અહોભાગ્ય છે. હાલ તા.૧૭-૯-૨૦૧૭ના રોજ અમદાવાદમાં પ.પૂજ્ય શ્રુતસંશોધક આચાર્ય શ્રી મુનિચંદ્રસૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં પૂજ્ય વિદ્વાન મુનિરાજશ્રી ભવ્યસુંદરવિજયજી મ.સા.ના સંયુક્તપણામાં મર્ચન્ટ સોસાયટી જૈન સંઘ મધ્યે જ્ઞાનભંડારના સંચાલક-કાર્યવાહકોનું એક મિલન યોજાઇ રહ્યું છે. એ સંદર્ભે જે કેટલાક કાર્યો કરવા જેવા જણાય છે, તેનો અહીં સામાન્ય દિશાનિર્દેશ છે જેથી આ દિશામાં કંઇક નક્કર પરિણામ શ્રીસંઘને મળી રહે. (૧) ઘણા સારા વિદ્વાન મહાત્માઓના શાસ્ત્રગ્રંથો પ્રકાશિત થયા બાદ, એકમાત્ર ચોક્કસ વિતરણ વ્યવસ્થાના અભાવે ઘણી વાર ગ્રંથો ની નકલો પડી રહેતી હોય છે. અમદાવાદ, સુરત, મુંબઇ જેવા સ્થાનોમાં દરેક જ્ઞાનભંડારોને ગ્રંથ પહોંચાડાય એવું માળખુ ઊભું કરાય.. જેથી દરેક યોગ્ય સ્થાન સુધી પહોંચી શકાય.

(૨) જ્ઞાનભંડારોમાં આવતા પુસ્તકોની એન્ટ્રી માટેનું એક ચોક્કસ ફોર્મેટ નક્કી કરાય, દરેક ગ્રંથ એ જ રીતે એન્ટ્રી થાય. તથા એન્ટ્રી કોમ્પ્યુટર જેવા માધ્યમથી જ થાય.. દરેક ને કોમન સોફ્ટવેર સુલભતાથી અપાય, તથા જ્ઞાનભંડારો પરસ્પર સંપર્કમાં રહે એમ કરાય. મુંબઇમાં આવો સફળ પ્રયત્ન થયો છે, જે અમદાવાદ-સુરત વગેરે જેવા મોટા સેન્ટરોમાં પણ કરી શકાય. (૩) મેરેજબ્યુરો વગેરે જેવી સંસ્થાઓ હોય છે, એમ જ્ઞાનભંડાર બ્યુરો કરાય, એકદમ અનુભવી શ્રાવકોની એક ટીમ હોય, જે કોઇ સંઘોને નૂતન જ્ઞાનભંડાર બનાવવો હોય, તેનું પ્રેક્ટીકલ સંપૂર્ણ માર્ગદર્શન આ શ્રાવકો દ્વારા પ્રત્યેક સંઘને મળી રહે, અધિકૃત ગુરુભગવંતો દ્વારા પ્રમાણિત આવા શ્રાવકોની ટીમ હોય અને પૂજ્યોના માર્ગદર્શનથી કાર્ય કરે. (૪) શ્રુતજ્ઞાન અન્ય ક્ષેત્રોની અપેક્ષાએ ઉપેક્ષિત ક્ષેત્ર છે, આ ક્ષેત્રે કાર્ય કરતા સાધુભગવંતો પણ પ્રમાણમાં ઓછા મળે, ત્યારે શ્રાવકો તો કેટલા મળે ? એ સમયે શ્રુતજ્ઞાનક્ષેત્રે કાર્ય કરતા શ્રાવકોની શક્તિ અને અનુભવ શ્રીસંઘને ઉપયોગી બને, એ પ્રમાણેની કંઇક વિચારણા-આયોજન થાય તો અન્ય શ્રાવકોને પણ પ્રેરણા મળે.

ઉપર કેટલાક જે વિચારો જણાવ્યા છે, એ દિશામાં છુટા છવાયા કાર્યો જે તે મહાત્મા કે વ્યક્તિ દ્વારા થાય પણ છે જ, પરંતુ તેને એક વ્યવસ્થિત પ્લેટફોર્મ મળે તો શ્રીસંઘમાં શ્રુતજ્ઞાન ક્ષેત્રનો પણ વિશેષ અભ્યુદય થાય..

જિનાજ્ઞા વિરુદ્ધ કંઇ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્....

" दासोऽहं सर्वसाधूनाम् "

લી.
જિનશાસનચરણસેવક શા. બાબુલાલ સરેમલ

## સં. ૨૦૭૩ / ઇ.સ. ૨૦૧૭ દરમ્યાન નુતન પ્રકાશન

| ક્રમ | ગ્રંથનું નામ | સંપાદક/ટીકાકાર | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૧ | નવ્યન્યાય ભાષા પ્રદીપ | આ.જગચ્ચંદ્રસૂરિજી | સં | આ.સુરેન્દ્રસૂરિજી તત્વ |
| ૨ | જૈનાગમ શબ્દ સંગ્રહ | આ.જગચ્ચંદ્રસૂરિજી | પ્રા/ગુજ | જ્ઞાન શાળા |
| ૩ | અધ્યાત્મકલ્પદ્રુમ | આ.જગચ્ચંદ્રસૂરિજી | સં/ગુજ | " " " " |
| ૪ | ધર્મ બિંદુ | પૂ.વૈરાગ્યરતિવિજયજી | સં | શ્રુત ભવન - પુના |
| ૫ | સટ્ટજીઅ કાપ્પો (શ્રાદ્ધજિતકલ્પ) | પં.નયભદ્રવિજયજી | સં | મનીષ જે. કોઠારી |
| ૬ | જયજીયકાપ્પો (યતિજિતકલ્પ) | પં.નયભદ્રવિજયજી | સં | મનીષ જે. કોઠારી |
| ૭ | જિતકલ્પ સાર | પં.નયભદ્રવિજયજી | સં | મનીષ જે. કોઠારી |
| ૮ | શ્રાવકસામાચારી વિધિ પ્રકરણ | પં.નયભદ્રવિજયજી | સં | મનીષ જે. કોઠારી |
| ૯ | શ્રી બારસા સૂત્રમ્ | પં.નયભદ્રવિજયજી | સં | મનીષ જે.કોઠારી |
| ૧૦ | તુભ્યં નમઃ શ્રી ગુરુસોમચંદ્ર | પૂ.શ્રુતસુંદરવિજયજી | સં/ગુજ | શ્રી સોમચિંતામણી ટ્રસ્ટ |
| ૧૧ | ક્ષમા કલ્યાણજી કૃતિ સંગ્રહ-૨ | પૂ.મેહુલપ્રભસાગરજી | સં/હિં | જિનકાન્તિસૂરિ સ્મારક |
| ૧૨ | જંબૂદ્વિપ પણ્ણત્તિ સુત્તં ભા-૧ | આ.મુનિચંદ્રસૂરિજી | સં. | શ્રી મહાવીર વિદ્યાલય |
| ૧૩ | કર્મગ્રંથ ભાગ-૧ | આ.રત્નસેનસૂરિજી | સં/હિં | દિવ્ય સંદેશ પ્રકાશન |
| ૧૪ | સુલભ ધાતુ રૂપકોશ | આ.કુલચંદ્રસૂરિજી | સં/ગુજ | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૧૫ | કર્મગ્રંથ ભાગ-૩ | સાધ્વી ડૉ.નીલંજનાશ્રીજી | સં/હિં | જિનકાન્તિસૂરિ સ્મારક |
| ૧૬ | સિદ્ધહેમ સંસ્કૃત પ્રારમ્ભિકા-૧ | પં.હરેશભાઇ લવજીભાઇ | સં/ગુજ | હરેશભાઇ લવજીભાઇ |
| ૧૭ | રાજપથ | પૂ.રત્નભાનુવિજયજી | સં/ગુજ | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૧૮ | આત્મનાદ | પૂ.રત્નાકરસૂરિજી | સં/ગુજ | રંજનવિજયજી જૈન. |
| ૧૯ | દેવકુલપાટક (દેલવાડા) | વિરેન્દ્ર સિરોયા | હિં | શ્રી સોમચિંતામણી ટ્રસ્ટ |
| ૨૦ | એક દોસ્ત જો જિંદગી બદલ દે | આ.રાજપરમસૂરિજી | હિં | શ્રુતજ્ઞાન સંસ્કાર પીઠ |
| ૨૧ | જૈન ઇતિહાસ | આ.કુલચંદ્રસૂરિજી | હિં | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૨૨ | સિરોહી વ પાલી જિલે કે જૈન મંદિર | મોહનલાલ બોલયા | હિં | મોહનલાલ બોલયા |
| ૨૩ | પાકિસ્તાન મેં જૈન મંદિર | પં.ભૂષણ શાહ | હિં | મિશન જૈનત્વ જાગૃતિ |
| ૨૪ | માનસ મંદિરમ્ | પૂ.હૃદયરત્નવિજયજી | હિં | અર્હદ્ ધર્મ પ્રભાવક |
| ૨૫ | શ્રી પલ્લિવાલકા જૈન ઇતિહાસ | પં.ભૂષણ શાહ | હિં | મિશન જૈનત્વ જાગૃતિ |
| ૨૬ | સફર પૂર્વજન્મો કા - ૩ | પૂ.હિતવર્ધનવિજયજી | હિં | કુસુમઅમૃત ટ્રસ્ટ |
| ૨૭ | સરાક | પં.રાજપદમવિજયજી | હિં | શ્રુતજ્ઞાન સંસ્કાર પીઠ |
| ૨૮ | પાર્શ્વનાથ કથા | પૂ.હિતવર્ધનવિજયજી | ગુજ | કુસુમઅમૃત ટ્રસ્ટ |
| ૨૯ | અજવાળાના વારસદાર | પૂ.શ્રુતસુંદરવિજયજી | ગુજ | શ્રી સોમચિંતામણી ટ્રસ્ટ |
| ૩૦ | હું જ મારો દુશ્મન | પૂ.શ્રુતસુંદરવિજયજી | ગુજ | શ્રી સોમચિંતામણી ટ્રસ્ટ |
| ૩૧ | શ્રાવણ પૂનમનો ચાંદ | પૂ.શ્રુતસુંદરવિજયજી | ગુજ | શ્રી સોમચિંતામણી ટ્રસ્ટ |

# સં. ૨૦૭૩ / ઇ.સ. ૨૦૧૭ દરમ્યાન નુતન પ્રકાશન

| ક્રમ | ગ્રંથનું નામ | સંપાદક/ટીકાકાર | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૩૨ | દિલ ખોલીને કરો વાત | આ.સોમસુંદરસૂરિજી | ગુજ | શ્રી સોમચિંતામણી ટ્રસ્ટ |
| ૩૩ | અણગાર નો શણગાર | પૂ.પુણ્યસુંદરવિજયજી | ગુજ | શ્રી સોમચિંતામણી ટ્રસ્ટ |
| ૩૪ | ડાકુ બન્યો સંત | આ.રાજપરમસૂરિજી | ગુજ | શ્રુતજ્ઞાન સંસ્કાર પીઠ |
| ૩૫ | બે શબ્દનો મહિમા (જ અને પણ સાત નયોનો સમન્વય) | પૂ.જિનસેનવિજયજી | ગુજ | લબ્ધિસૂરિજી ગ્રંથ માળા |
| ૩૬ | સાધારણ ખાતુ | આ.મુક્તિવલ્લભસૂરિજી | ગુજ | પ્રજ્ઞા પ્રબોધ પરિવાર |
| ૩૭ | જૈન વિશ્વ કોષ-ભા-૨ | ડૉ.કુમારપાળ દેસાઇ | ગુજ | પ્રાણ ગુરુ ફાઉન્ડેશન |
| ૩૮ | જૈન ગીતા દર્શન | ડૉ. કવિન શાહ | ગુજ | ડૉ. કવિન શાહ |
| ૩૯ | શ્રીપાલ કથા અનુપ્રેક્ષા | આ.નયચંદ્રસાગરસૂરિજી | ગુજ | પૂર્ણાનંદ પ્રકાશન |
| ૪૦ | અધ્યાત્મસાર | પૂ.પં.શ્રી ચંદ્રશેખરવિજયજી | ગુજ | કમલ પ્રકાશન ટ્રસ્ટ |
| ૪૧ | મધ્યકાલીન દેવનાગરી લિપ્યંતરણ | પંડિત અમૃતભાઇ પટેલ | ગુજ | ભદ્રંકર પ્રકાશન |
| ૪૨ | કેટલાક પૂર્વ જન્મો - ૭,૮ | પૂ.હિતવર્ધનવિજયજી | ગુજ | કુસુમઅમૃત ટ્રસ્ટ |
| ૪૩ | મેરૂશિખર નવરાવે | પં.મેહુલભાઇ કુબડીયા | ગુજ | ઓમ ગુરુ ગૌતમ |
| ૪૪ | યોગપ્રાપ્તિના ઉપાયો | પૂ.હૃદયરત્નવિજયજી | ગુજ | અર્હદ્ ધર્મ પ્ર.ટ્રસ્ટ |
| ૪૫ | વાર્તાનો વરસાદ - ૩ | આ.શ્રી રાજેન્દ્રસૂરિજી | ગુજ | શ્રુતજ્ઞાન સંસ્કાર પીઠ |
| ૪૬ | દિવ્યવાર્તાનો ખજાનો - ૨૦ | પૂ.દિવ્યવલ્લભવિજયજી | ગુજ | અજયભાઇ મહેન્દ્રભાઇ |
| ૪૭ | શબ્દે શબ્દ ઉજાસ | આ.અજિતશેખરસૂરિજી | ગુજ | અર્હમ આરાધક ટ્રસ્ટ |
| ૪૮ | સમાધિનો વૈભવ | પૂ.કલ્પરત્નવિજયજી | ગુજ | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૪૯ | પર્યુષણ સ્તાવનાદિ સંપુટ | પં.પ્રશાંતવલ્લભવિજયજી | ગુજ | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૫૦ | બુદ્ધિ તિલક સ્મરણમ્ | આ.રાજશેખરસૂરિજી | ગુજ | શ્રુતજ્ઞાન સંસ્કાર પીઠ |
| ૫૧ | મુક્તિપંથના મહાયાત્રી | પૂ.રત્નભાનુવિજયજી | ગુજ | કમલ પ્રકાશન ટ્રસ્ટ |
| ૫૨ | તારલા | આ.રાજહંસસૂરિજી | ગુજ | શ્રુતજ્ઞાન સંસ્કાર પીઠ |
| ૫૩ | શાસ્ત્રીય પ્રશ્નોત્તર - ૧ | પૂ.હિતવર્ધનવિજયજી | ગુજ | કુસુમઅમૃત ટ્રસ્ટ |
| ૫૪ | ભક્તામરના ચમત્કાર(૨૮ કથાઓ) | પૂ.જિનરત્નવિજયજી | ગુજ | જિનભક્તિ આરા.ટ્રસ્ટ |
| ૫૫ | અધિકાર | આ.ભુવનભાનુસૂરિજી | ગુજ | શ્રુતજ્ઞાન સંસ્કાર પીઠ |
| ૫૬ | સંસ્કાર વાટિકા | કૈવનભાઇ પંડિત | ગુજ | સંસ્કાર વાટિકા |
| ૫૭ | Rober Became Saint | આ.રાજપરમસૂરિજી | અં | શ્રુતજ્ઞાન સંસ્કાર પીઠ |
| ૫૮ | નન્દનવન કલ્પતરૂ - ૩૮ | કીર્તિત્રયી | સં | જૈન ગ્રંથ પ્રકાશન |
| ૫૯ | સેતુ બંધ - ૭,૮ | પૂ.યશરત્નવિજયજી | સં | સેતુબંધ ત્રૈમાસિક |
| ૬૦ | અનુસંધાન - ૭૧,૭૨ | આ.શીલચંદ્રસૂરિજી | સં/હિં | હેમચંદ્રાચાર્ય નવમ |
| ૬૧ | નિશ્રેયસમ્ - ૯,૧૦ | પૂ.સમ્યગ્દર્શનવિજયજી | સં | હીરસૂરિજી સમ્યગ્ જ્ઞાન |
| ૬૨ | અષ્ટમંગલ માહત્મ્ય | પૂ.સૌમ્યરત્નવિજયજી | ગુજ | શિલ્પવિધિ |
| ૬૩ | અષ્ટમંગલ ઐશ્વર્ય | પૂ.સૌમ્યરત્નવિજયજી | ગુજ | શિલ્પવિધિ |
| ૬૪ | અષ્ટમંગલ ગીત ગુંજન | પૂ.સૌમ્યરત્નવિજયજી | ગુજ | શિલ્પવિધિ |

## સરસ્વતી પુત્રોને વંદના

(નિમ્નોક્ત ગ્રંથના સંશોધન-સંપાદનનું કાર્ય ચાલુ છે. ટુંક સમયમાં પ્રકાશિત થશે.)

પૂ. આ. શ્રી નંદીઘોષસૂરિજી મ. સા. શિષ્ય પૂ. ધ્યાનકીર્તિવિજયજી (પૂ. શ્રી નેમિસૂરિજી સમુદાય)

(૧) શ્રી સૈદ્ધાન્તિક વ્યુત્પતિ કોશ - દ્વાદશાંગી પીટકમાંથી

(૪૫ આગમોની સર્વ વૃત્તિમાં આવતી સંસ્કૃત વ્યુત્પત્તિઓ )

પૂ. આ. શ્રી યશોવર્મસૂરિજી મ. સા. (પૂ. લબ્ધિસૂરિજી સમુદાય)

(૧) શ્રી દશવૈકાલિક સૂત્ર - પૂ. સમયસુંદરજી ની ટીકા

પૂ. આ. શ્રી યોગતિલકસૂરિજી મ. સા. (પૂ. શાન્તિચંદ્રસૂરિજી સમુદાય)

(૧) શાલિવાહન નૃપ ચરિત્ર સંસ્કૃત પદ્ય-કર્તા-શુભશીલગણિ

(૨) ઉત્તમચરિત્ર - નરેન્દ્ર કથાનક -સંસ્કૃત પદ્ય-કર્તા-સોમમંડનગણિવર્ય

(૩) ઋષિમંડલ પ્રકરણ વૃત્તિ કર્તા-ધર્મઘોષસૂરિજી-ટીકાકાર શુભવર્ધન ગણિવર ૯૮૦૦૦ શ્લોક પ્રમાણ

(૪) વિવેક વિલાસ વૃત્તિ - કર્તા જિનદત્તસૂરિજી - ટીકાકાર-ભાનુચંદ્રગણિવર ૭૦૦૦ શ્લોક પ્રમાણ

(૫) શ્રી આદિનાથ ચરિત્ર - કર્તા આ. વિનયચંદ્રસૂરિજી

(૬) શ્રી ચંદ્રપ્રભ ચરિત્ર - કર્તા આ. સર્વાનંદસૂરિજી

(૭) ઉપદેશ કંદલી મૂળ અને ટીકા - કર્તા આસડ કવિ ટીકાકાર : શ્રી બાલચંદ્રસૂરિજી

(૮) લઘુત્રિશષ્ટિશલાકા પુરુષ ચરિત્ર - કર્તા પૂ. મેઘવિજયજી (હસ્તપ્રતોના આધારે પુનઃ સંપાદન)

(૯) અનેકાર્થ સંગ્રહ સટીક - કર્તા - કલિ. શ્રી હેમચંદ્રાચાર્ય - ટીકાકાર - પૂ. મહેન્દ્રસૂરિજી

પૂ. સંયમકીર્તિવિજયજી મ. સા. (પૂ. આ. રામચંદ્રસૂરિજી સમુદાય)

(૧) આત્મા કા વિકાસ ક્રમ ભાગ-૧,૨ - હિન્દી અનુવાદ

(૨) યોગ ધર્મનો અધિકારી

પૂ. આ. શ્રી ગુણરત્નસૂરિજી મ. સા. ની પ્રેરણાથી પુનઃપ્રકાશક શ્રી જિનગુણ આરાધક ટ્રસ્ટ
(પૂ. ભવ્યરત્નવિજયજીના દીક્ષા પ્રસંગે થયેલ જ્ઞાનખાતાની ઉપજમાંથી)

(૧) પ્રવચન સારોદ્ધાર ભાગ-૧ (સં)
(૨) પ્રવચન સારોદ્ધાર ભાગ-૨ (સં)
(૩) સંગ્રહણીરત્નં (બૃહત્સંગ્રહણી) ગુજ. અનુ.
(૪) ભુવનેશ લૌકિક ન્યાય સંગ્રહ
(૫) લૌકિક ન્યાયોક્તિ કોશ (સં)
(૬) સિદ્ધાંત લક્ષણ જાગદીશી+વિવૃતિ ટીકા
(૭) રૂપસેન ચરિત્ર (સં) ગદ્ય
(૮) સુભાષિત રત્ન ભાંડાગાર
(૯) છંદોનુશાસન
(૧૦) દાનાદિ કુલક સંગ્રહ (સં) સટીક ગદ્ય
(૧૧) મોહજિત ચરિત્ર (સં) ગદ્ય
(૧૨) શ્રીયક ચરિત્ર (સં) ગદ્ય
(૧૩) કથા સંગ્રહ (સં) ચંપુ
(૧૪) ઇલાતિપુત્ર ચરિત્ર (સં) ગદ્ય
(૧૫) અમૃતવિમલ ચરિત્ર (સં) ગદ્ય
(૧૬) હરિકેશમુનિ ચરિત્ર (સં) ગદ્ય
(૧૭) કામકુંભાદિ કથા સંગ્રહ(સં) ગદ્ય
(૧૮) મેઘકુમાર ચરિત્ર (સં) ગદ્ય
(૧૯) ચંપક શ્રેષ્ઠી કથા (સં) પદ્ય
(૨૦) વિષ્ણુકુમારસિંહ ચરિત્ર (સં) પદ્ય
(૨૧) કલાવતી ચરિત્ર (સં) ગદ્ય
(૨૨) ભુવનભાનુ કેવલી ચરિત્ર (સં) ગદ્ય
(૨૩) પુણ્યસાર ચરિત્ર

આગમઆદિ શાસ્ત્રોનો પર્યાપ્ત અભ્યાસ થયા બાદ સમર્થ વિદ્વાનો સર્જનાત્મક કાર્યમાં પ્રવેશ કરવા ઇચ્છે છે. પણ ક્યા વિષય પર કે કયા ગ્રંથ પર કાર્ય કરવું, એ પ્રશ્ન ઊભો થાય છે. વિષય શિષ્ક ન હોવો જોઇએ અને પિષ્ટપેષણ પણ ન થવું જોઇએ. આ બે છેડા મેળવવા દુષ્કર હોય છે. અપ્રગટ કૃતિઓ પર કાર્ય થાય એ સારું છે પણ એવી કૃતિઓની પ્રાપ્તિ સમય - શક્તિના ભોગ આપ્યાં પછી ય સાંશયિક હોય છે, આ સ્થિતિમાં એક એવો વિકલ્પ છે. જેમાં વિષય રસાળ છે. પિષ્ટપેષણનો અભાવ છે. અને મહિમા અપ્રગટ કૃતિ પરના સર્જન જેટલો જ કે અપેક્ષાએ તેનાથી પણ અધિક છે. આ વિકલ્પ એટલે અતિ વિશિષ્ટ ગ્રંથોના મનનીય અંશ પર કરેલું નવસર્જન.

અત્રે પ્રસ્તુત છે એક અનુપમ ગ્રંથ સંવેગરંગશાળાના મનનીય અંશોની માહિતી. ૧૦૦૫૩ શ્લોક પ્રમાણ આ વિરાટકાય ગ્રંથ પર ટીકા, વિવેચન વગેરે ઉપલબ્ધ નથી. સંપૂર્ણ ગ્રંથ પર વધુમાં વધુ અનુવાદ ઉપલબ્ધ છે. આવા વિરાટ ગ્રંથ પર ઊંડાણથી કાર્ય કરવું તે ધૈર્ય માંગી લે છે. ને કદાચ એવું કાર્ય સાકાર થાય તો તે અતિવિરાટ સર્જનમાં વાચકોની પ્રવૃત્તિ શંકાસ્પદ બને છે. માટે આવા ગ્રંથોના વિશિષ્ટ મનનીય અંશો પર ટીકા / ચૂર્ણિ / અવચૂરિ / વાર્તિક / ગુજરાતી વિવેચન / વર્તમાન ગુજરાતીમાં ભાવાનુવાદ/પરિશીલન/હિંદી વિવેચન-ભાવાનુવાદ-પરિશીલન જેવા સર્જનો કરવા જેવા છે. પ્રસ્તુત માહિતી સંપૂર્ણ ગ્રંથના અધ્યયન બાદ સંચિત કરવામાં આવી છે. તે તે વિશિષ્ટ અંશો સ્વતંત્ર પ્રકરણ જેવા છે. જેમાં આગમ આદિ શાસ્ત્રોનો અર્ક તો છે જ. સાથે ગ્રંથકારશ્રી પ.પૂ. શ્રી જિનચંદ્રસૂરિજી મહારાજાની મૌલિક પ્રતિભા પણ છે. (આ અંશોને વિષયાનુરૂપ નામ આપેલ છે.)

લેખક અને વાચક બંનેને પ્રસન્નતાદાયક અને અધ્યાત્મશુદ્ધિપ્રદ બની શકે એવો આ સ્વાધ્યાય છે જેના માધ્યમે તેઓ સ્વ-પરનું કલ્યાણ કરે એ જ શુભાભિલાષા. જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્..

| | | |
|---|---|---|
| (१) | आराधना कर्ता | गाथा नं-८१० से ८३७ |
| (२) | श्राद्धगुणविभूतिः | गाथा नं-१५११ से १५१९ |
| (३) | श्रावकदिनम् | गाथा नं-१५२९ से १५७७ |
| (४) | पञ्चविनयप्रकरणम् | गाथा नं-१५९० से १६८९ |
| (५) | सूरिसर्वस्वम् | गाथा नं-४१८० से ४२३८ |
| (६) | रसवैरस्यम् | गाथा नं-५४३१ से ५४४४ |
| (७) | परिवादाणुप्रेक्षा | गाथा नं-६३७७ से ६४३६ |
| (८) | संवेगसुधा | गाथा नं-७१७४ से ७२६१ |
| (९) | मङ्गलनिलयः | गाथा नं-७६३७ से ७७९४ |
| (१०) | ज्ञानविलासः | गाथा नं-७७९६ से ७८८७ |
| (११) | विरागवाटिका | गाथा नं-७९६१ से ८१४६ |

અનુસંધાન પાના - ૭ ઉપર....

# જ્ઞાનભંડારોના સરળીકરણ માટે એક પરિકલ્પના
## JSBN

પૂ. ભવ્યસુંદરવિજયજી મ. સા.

આપણા જ્ઞાનભંડારોના અધૂરા અને અશુદ્ધ લિસ્ટ એક વ્યાપક સમસ્યા છે. તેના કારણો આ બધા છે.

(૧) પુસ્તક / ગ્રંથની અંદર, જ્ઞાનભંડારના લિસ્ટમાં લખવા
યોગ્ય માહિતીનો યોગ્ય સ્વરૂપમાં અભાવ.
(જે અંગે અહો ! શ્રુતજ્ઞાનમ્ માં એક લેખ છપાયેલો છે. )

(૨) લખવાની માહિતીની અનિયત પદ્ધતિ.
દા. ત : કોઇ દશવૈકાલિક સૂત્ર લખે ;
કોઇ દશવૈકાલિક સૂત્ર લખે ;
કોઇ દસવેયાલિયસુત્તં લખે ;

(૩) છાપવામાં તથા કોમ્પ્યુટર એન્ટ્રીમાં જોડણીની ભૂલો...

(૪) કોમ્પ્યુટર એન્ટ્રી કરનારાનું અજ્ઞાન

આ બધા કારણે ટેક્નોલોજીના યુગમાં પણ બધા જ્ઞાનભંડારોનું એક સ્ટાન્ડર્ડ ફોર્મેટ માં સંયુક્ત લિસ્ટ ઉપલબ્ધ થઇ શક્તું નથી. આવુ લિસ્ટ બને, તો તેના ફાયદા અપાર છે, કોઇપણ પુસ્તક જે પણ મહાત્માને જોઇતું હોય, તેમને ક્યાં ક્યાંથી મળી શકે, તેની માહિતી ખૂબ જ સરળતાથી મળી જાય. ઘણી વિરાધના, ખર્ચ અને સમય બચી જાય.

શ્રુત-સંગમ તથા શ્રમણોપાસક પરિવારના સોફ્ટવેર દ્વારા આ દિશામાં આંશિક કાર્ય થયું છે. આ બંને સોફ્ટવેરનો કેટલાક જ્ઞાનભંડારો જ ઉપયોગ કરે છે.

બધા જ જ્ઞાનભંડારોના લિસ્ટને સાંકળવું હોય તો સૌથી મહત્ત્વની કડી છે. ગ્રંથની વિગત. એક સમાન ફોર્મેટમાં, સરખી વિગત સાથે, સમાન જોડણીપૂર્વક (સહેજ પણ ફેરફાર વિના) કોમ્પ્યુટરમાં એન્ટ્રી થવી જોઇએ. જુદા જુદા સ્થળે, જુદી જુદી વ્યક્તિઓ એન્ટ્રી કરે, તો એ લગભગ અસંભવ છે. તેનો ઉપાય છે. પુસ્તકની કોડ નંબર દ્વારા એન્ટ્રી કરવી, જે દરેકને માટે સમાન રીતે એન્ટ્રી કરવી અત્યંત સરળ છે.

તે માટે દરેક પુસ્તકને પ્રકાશિત થતાં પૂર્વે જ કોડ નંબર આપવો પડે. અને એક કોડ નંબર, અનેક પુસ્તકોને ન અપાઇ જાય તે માટે કોડ નંબર નક્કી કરનાર કેન્દ્રવર્તી માળખું જોઇએ.

સાહિત્ય જગતથી પરિચિત વ્યક્તિઓને ISBN નો ખ્યાલ હશે જ, દુનિયાભરના પુસ્તકોને Unique (અદ્વિતીય) નંબર અપાય છે.

આપણે આવું માળખું JSBN ( Jain Standard Book Number) કેમ ઉભું ન કરી શકીએ ?

- એક કેન્દ્રવર્તી માળખું રચી શકાય, જે કોડ નંબર નક્કી કરવાની જવાબદારી સંભાળે.
- પ્રકાશન કરવા ઇચ્છુક સંસ્થા, પોતાના ગ્રંથની બધીજ વિગત તેમને મોકલે.
- તેમના દ્વારા કોડ નંબર અપાય.
- કોડ નંબર સાથેની બધી જ વિગત કોમ્પ્યુટરમાં એન્ટ્રી થાય. જેની શુદ્ધિની ચકાસણી પ્રકાશક સંસ્થા તથા અન્ય સુયોગ્ય વિદ્વાન, મહાત્મા પાસે કરવાય.
- પુસ્તકમાં તે કોડ નંબર આંકડા તથા BARCODE બંને સ્વરૂપે છપાય.
- બધી જ વિગતો કોડ નંબર સાથે એક નિયત Website પર ઉપલબ્ધ થાય.
- જે પણ જ્ઞાનભંડારમાં તે પુસ્તક પહોંચે, તે પોતાના લિસ્ટમાં એન્ટ્રી કરવા માટે કોડ નંબર દ્વારા બધી જ વિગત Website પરથી મેળવી શકે.
- હાલ મુખ્યત્વે ઉપયોગમાં લેવાતા ઉપરોક્ત બંને સોફ્ટવેરમાં એવી સગવડ હોય કે કોડ નંબર એન્ટ્રી કરવા માત્રથી બાકીની વિગતો સ્વયં જ લિસ્ટમાં આવી જાય.

આ સંપૂર્ણ કાર્ય સરળ છે, જરૂર છે માત્ર આ પદ્ધતિના સ્વીકારની અને પ્રકાશક સંસ્થાઓ / મહાત્માઓના સહકારની...

અલબત્ત, જૂના પુસ્તકોનું લિસ્ટ આના દ્વારા સાંકળી નહીં શકાય, પણ આજે શરૂઆત કરાશે, તો ૧૦-૧૫ વર્ષે મોટાભાગના પુસ્તકોનું લિસ્ટ સાંકળી શકાશે.

મહાત્માઓને આ દિશામાં વિચાર કરવા વિનંતી છે...

તા.ક : લેખક, ગૃહસ્થપણામાં સોફ્ટવેર એન્જીનીયર હતા. જો શ્રમણસંઘ આ પદ્ધિતિ માન્ય કરે અને સહકાર આપવા તૈયાર હોય તો આ દિશામાં જરૂરી બધો પુરૂષાર્થ કરવાની તૈયારી છે.

અનુસંધાન પાના - ૩ ઉપરથી....

| | |
|---|---|
| (१२) शरणामृतम् | गाथा नं-८२४७ से ८३२२ |
| (१३) दुष्कृतविदारणम् | गाथा नं-८३२४ से ८४९७ |
| (१४) प्रमोदमन्दाकिनी | गाथा नं-८४९९ से ८५३९ |
| (१५) भावनामृतम् | गाथा नं-८५४१ से ८९३१ |
| (१६) गुरुपरीक्षा | गाथा नं-८८४३ से ८९२५ |
| (१७) शीलसौन्दर्यम् | गाथा नं-८९३३ से ८९६२ |
| (१८) शल्योद्धारः | गाथा नं-९१३० से ९३०३ |
| (१९) सत्त्वानुशासनम् | गाथा नं-९४८६ से ९६०९ |
| (२०) ध्यानबिन्दुः | गाथा नं-९६२८ से ९६५८ |
| (२१) लेश्याप्रकरणम् | गाथा नं-९६६६ से ९७१२ |

## જ્ઞાનભંડારોના સંચાલકો / ટ્રસ્ટીઓનું સંમેલન

તપાગચ્છીય શ્રમણ સંમેલનમાં જ્ઞાનભંડાર માટેની સમિતિમાં નિયુક્ત થયેલ શાસન પ્રભાવક વિદ્દવર્ય પૂજ્ય આ.શ્રી મુનિચંદ્રસૂરિજી અને પૂ.શ્રી ભવ્યસુંદરવિજયજી મ.સા.ની નિશ્રામાં અમદાવાદ તથા આસપાસના જ્ઞાનભંડારોના ટ્રસ્ટીઓ-વ્યવસ્થાપકો-કાર્યકરોનું મિલન શ્રી મર્ચન્ટ સોસાયટી જૈન સંઘ તરફથી રાખવામાં આવેલ છે.

શ્રુતજ્ઞાનની ભક્તિ કરવા માટે, સહુ વચ્ચે સહાયતાનો સેતુ બંધાય તે માટે રસ ધરાવતા સંઘોના ટ્રસ્ટીઓ-જ્ઞાનભંડારના સંચાલકો વગેરેને આ મિલનમાં અચૂક પધારવા વિનંતી છે.

સ્થળ : ૩૦, જૈન મર્ચન્ટ સોસાયટી, પાલડી, અમદાવાદ.

ભાદરવા વદ-૧૨, રવિવાર તા.૧૭-૯-૨૦૧૭ સવારે ૯.૦૦ કલાકે

અગાઉ થી રજીસ્ટ્રેશન માટે સંપર્ક : વિપુલભાઇ (મો) ૯૯૯૮૮૮૨૨૨૨

## એક પાત્રીય પ્રસ્તુતિ પાહિણીદેવી

ઇન્સ્ટીટ્યુટ ઓફ જૈનોલોજી દ્વારા ગુજરાત વિશ્વકોશ ભવનમાં જૈન ઇતિહાસના ભવ્યવારસાની એક ઝલકના કાર્યક્રમમાં કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજીના માતા પાહિણીદેવીના ભાવવિશ્વની હૃદયસ્પર્શી રજુઆત સાથે જહોની શાહના લેખન-દિગ્દર્શન અને કલાકાર શ્રીમતી અર્ચના જહોની શાહના અભિનય દ્વારા એક પાત્રીય પ્રસ્તુતિ ખૂબ જ સુંદર રીતે કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં પદ્મશ્રી ડૉ.કુમારપાળભાઇ દેસાઇની અધ્યક્ષતામાં ઇન્સ્ટીટ્યુટના ટ્રસ્ટીઓ, અગ્રણીઓ અને વિદ્વાનો હાજર રહ્યા હતા. તેમ જ શૈક્ષણિક ક્ષેત્રમાં આગવું પ્રદાન કરનાર શ્રીમતી જયશ્રીબેન લાલભાઇ તેમજ પ્રીતિબેન અદાણી પણ વિશેષ અતિથિ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. ખરેખર ખૂબ જ સચોટ અને અસરકારક એવા એક પાત્રીય અભિનય દ્વારા શ્રુતરક્ષાનો ખૂબ જ સુંદર સંદેશો આપવામાં આવ્યો હતા.

પૂજ્ય ગુરુભગવંતોની પ્રેરણા અને આશીર્વાદથી અમોને મળેલ માહિતી આ વર્ષે અંક નં-૩૯ + ૪૦ તેમજ ૪૧ માં પ્રકાશિત કરી છે. પૂજ્ય ગુરુભગવંતોને વિનંતી કે પ્રકાશિત પુસ્તકોની વિગતો અમોને તુર્ત જ મોકલે તથા પૂજ્યોની પ્રેરણાથી થઇ રહેલ સંશોધન-સંપાદન કાર્યની વિગત પણ તુર્ત જ મોકલશો જેથી આ વર્ષનો છેલ્લો અંક જે આસો સુદ-૫ માં પ્રકાશિત થશે તેમાં સમાવેશ કરી શકાય. શ્રુતજ્ઞાનને લગતી માહિતી અથવા તો લેખ પણ મોકલી શકાશે, જે ક્રમશઃ પ્રકાશિત કરીશું.

અહો ! શ્રુતજ્ઞાનમ્

Printed Matter BookPosted 114(7)
U/C, 5A P & T Guide hence not be taxed

Rs. 1
Ticket

પ્રકાશક :
શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાન ભંડાર
શા.વિમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન
હિરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.
મો : ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩
E-mail : ahoshrut.bs@gmail.com